હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

સાહેબ... બધે જ દરોડા પાડી... વોશને ટેસ્ટ કરી લીધા... એકદમ ક્વોલીટી માલની સૂચના આપી છે... તમે ચિંતા વગર ચૂંટણીમાં બધાને આપી શકશો...!!

પડતર પ્રશ્નો નહી ઉકેલાય તો રાજધાનીના અસરગ્રસ્ત કિસાનો ચૂંટણીનો બહિષ્કાર કરશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરને ગુજરાતની રાજધાની તરીકે વિકસાવવા જિલ્લાના ૧૪ ગામોની ખેડૂતોની જમીન સંપાદન કરવામાં આવી હતી. જેના બદલામાં સરકાર તરફથી રૂ. ૨૫-૫૦નો ભાવ ઉપરાંત ખેડૂતોને જમીન, પ્લોટ, નોકરી, દુકાન જેવા લાભો આપવાનો વાયદો કરવામાં આવ્યો હતો. પરંતુ હજુ પણ મોટાભાગના ખેડૂતોને તેમનું વળતર મળવા પામ્યુ નથી તેવા આક્ષેપ સાથે રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળ દ્વારા સત્વરે તેમના પ્રશ્નોનો ઉકેલ નહી આવે તો વિધાનસભાની ચૂંટણીના બહિષ્કારનું શસ્ત્ર ઉગામવાની ચિમકી ઉચ્ચારી છે. રાજધાની ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા મિલટ્રી કેન્ટોમેન્ટ સહિત વિવિધ હેતુ માટે ચિલોડા, પાલજ, લેકાવાડા, આલમપુર, શિહોલી જેવા ગામોની જમીન સંપાદિત થયેલા ખેડૂતોને પણ વળતર ચુકવાયુ ના હોવાથી આ લડતમાં જોડાશે અને બંનેનું સંયુક્ત લોક સંમેલન બોલાવી ચૂંટણીનો બહિષ્કાર કરાશે.

તાજેતરમાં સે. ૨૫ જીઆઈડીસી ખાતે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાના અધ્યક્ષસ્થાને સંસ્થાના હોદેદ્દારો ઉપરાંત કોલવડા, વાવોલ, બાસણ, ઈન્દ્રોડા, ધોળાકુવા, આદિવાડા અને બોરીજ ગામના અગ્રણી અસરગ્રસ્ત ખેડૂતોની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં વિવિધ પડતર પ્રશ્નોની ચર્ચા કરાઈ હતી અને સરકાર સમક્ષ તેની અસરકારક રજૂઆત કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં ગાંધીનગરના અસરગ્રસ્ત ખેડૂતો જે લાભોથી વંચિત છે તેમને માંગણી મુજબ લાભો આપવા, શહેરની હદની બાજુમાં બિન ઉપયોગી પડેલ જમીન ખેડૂતોને પરત આપવી, અસરગ્રસ્ત ખેડૂતોને ફાળવેલી દુકાનોનો માલિકી હક્ક આપવો, સંપાદિત જમીનનું વળતર વ્યાજ સહિત વર્તમાન વિકાસદરથી ચુકવવુ, ખેડૂતોના વારસદારોને સંયુક્ત ખાતાનો લાભ આપવો, ધંધા-રોજગાર માટે ખેડૂતોને ૧૦૦ મીટરનો પ્લોટ રાહતદરે ફાળવવો, શાળા-કોલેજોમાં અસરગ્રસ્ત ખેડૂતોના બાળકો માટે રિઝર્વ ક્વોટા રાખવો તથા ગ્રામ્ય વિસ્તારની હદમાં ગામતળ વધારી અસરગ્રસ્ત ખેડૂતોને મકાન બનાવવા પરવાનગી આપવા જેવી માંગણીઓ રજૂ કરાઈ હતી.

આ બેઠકમાં અસરગ્રસ્ત કિસાન વિકાસમંડળના પ્રમુખ લાલભાઈ પટેલ, કોલવડાથી મનુભા વાઘેલા, બાસણથી અર્જુનસિંહ વાઘેલા, મનુભાઈ દેસાઈ, વાવોલથી સંજય પટેલ, બોરીજથી ભરત પુરોહિત, અરવિંદ ખાંટ, નટવરસિંહ ચૌહાણ, ગૌતમ પરમાર, પેથાપુરથી રમણભાઈ પટેલ, નટવરસિંહ ડાભી, પાલજથી ભીખાજી બિહોલા, રઘુજી બિહોલા, લાલાજી બિહોલા, સુધાકરભાઈ, ઈન્દ્રોડાથી માસંગજી ઠાકોર, ઈશ્વરભાઈ પ્રજાપતિ, દલપતસિંહ ગોહિલ, ધોળાકુવાથી મનુજી ઠાકોર, આદિવાડાથી ભગાજી ચાવડા, ફતેપુરાથી મેલાજી ઠાકોર વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચૂંટણી ચોતરેથી

● આજે રાહુલ ગાંધી સુરતમાં કેન્ડલ માર્ચમાં જોડાશે. નોટબંધીના વિરોધમાં બ્લેક ડેની ઉજવણીના ભાગરૂપે યોજાઈ રહેલા કાર્યક્રમમાં તેઓ ભાગ લેશે.

● કોંગ્રેસના વરીષ્ઠ નેતા અને જાણીતા એડવોકેટ કપિલ સિબ્બલની ઉપસ્થિતિમાં આજે રાત્રે કોંગ્રેસ અને પાસના નેતાઓ વચ્ચે બેઠક યોજાશે.

● કોંગ્રેસના બે મહિલા અગ્રણી ભાજપમાં જોડાતા ભારે ખળભળાટ સર્જાયો હતો. રાજકોટના કાશ્મીરાબેન નથવાણી અને વડોદરાના ઉષાબેન શ્રેયકરે કેસરીયો ખેસ ધારણ કર્યો છે.

● ભાજપના ગૌરવ મહા સંપર્ક અભિયાનમાં કેન્દ્રીય મંત્રીઓ નરેન્દ્રસિંહ તોમર અને યાવરચંદ ગેહલોત જોડાયા હતા.

● પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પત્રકાર પરિષદ યોજી મહાસંપર્ક અભિયાનની વિગતો આપી હતી.

● કોંગ્રેસ ૧૪મી નવેમ્બરથી સંપર્ક અભિયાન આરંભશે અને ૧ કરોડ પરિવારોનો સંપર્ક કરશે.

● ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક ૧૦, ૧૧ અને ૧૨ નવેમ્બરે મળશે જેમાં ઉમેદવારોની પસંદગીને આખરી ઓપ અપાશે.

● આજે ગાંધીનગર કોંગ્રેસ દ્વારા નોટબંધીના વિરોધમાં ધરણાં કરાશે.

● પાલનપુર ખાતે કોંગ્રેસ કાર્યાલય પર અસંતુષ્ટો દ્વારા હોબાળો.

● હું છું પાકો ગુજરાતી...નવા સુત્ર સાથે કોંગ્રેસે નવેસરથી સોશિયલ મિડિયામાં પ્રચાર અભિયાન શરુ કર્યું છે.

સ્વચ્છતા સર્વેક્ષણની માર્કિંગ પદ્ધતિમાં બદલાવ થતાં જ મનપાના તંત્રએ આળસ ખંખેરી કવાયત હાથ ધરી

ગાંધીનગર, તા. ૭

સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૮ માટે કેન્દ્ર સરકારે નિયમોમાં કેટલા બદલાવને પગલે મનપાના તંત્રએ તેની તૈયારીઓ હમણાંથી જ શરૂ કરી દીધી છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ સ્વચ્છતા સર્વેક્ષણ માટે કેન્દ્ર સરકારે ૪ હજાર શહેરોનો સર્વે કરવાનો નિર્ણય કર્યો છે એટલુ જ નહિ માર્કસ જે હતા તે પણ બમણા કરી દેવામાં આવ્યા છે. હવે ૪૦૦૦ ગુણમાંથી માર્કસ અપાશે.

જે ફેરફારો કરવામાં આવ્યા છે તેમાં ૧૪૦૦ ગુણાંકમાંથી સત્તાતંત્ર દ્વારા રજુ થનારા દસ્તાવેજોનું મૂલ્યાંકન કરી મુકવામાં આવશે. ૧૪૦૦ ગુણાંક શહેરીજનોના પ્રતિભાવ મેળવી અને કરવામાં આવશે. જ્યારે ૧૨૦૦ ગુણાંકમાંથી સર્વેક્ષણ કરવા આવેલી ટીમ તેના નિરીક્ષણ બાદ મુકશે.

આ વખતે મૂલ્યાંકનમાં ઓ.ડી.એફ.ને પણ ખાસ મહત્વ આપવામાં આવશે અને એટલે જ શહેરના મનપાના તંત્રએ જાહેર શૌચાલયોની સ્વચ્છતા તેમજ સુવિધાઓને અસરકારક બનાવવા પર અત્યારથી જ ભાર મુક્યો છે.

આ ઉપરાંત શહેરમાં કચરાના નિકાલની વ્યવસ્થા સહિતના અન્ય પાસાંઓની પણ ચકાસણી કરવામાં આવશે.

ગાંધીનગર શહેર સ્વચ્છતા સર્વેક્ષણમાં સ્થાન મેળવ્યુ હતુ અને તેને હવે ટકાવી રાખવા માટે ભારે મહેનત કરવી પડશે. ડોર ટુ ડોર કલેક્શન ઉપરાંતની અન્ય સુવિધાઓ જેવી કે જાહેર માર્ગોની સુવિધા, કોમ્પેક્ટરની ઉપલબ્ધિ, કચરામાંથી કોઈ આવક મેળવવામાં આવે છે કે કેમ? આ બધી બાબતોમાંથી સારા એવા ગુણ મળી શકે તેમ હોવાથી તંત્રએ આ દિશામાં ધ્યાન કેન્દ્રીત કરી આ વ્યવસ્થાઓના સઘનીકરણ પર ભાર મુક્યો છે.

કોંગ્રેસ દ્વારા આજે બ્લેક ડે ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર કોંગ્રેસ દ્વારા નોટબંધીના વિરોધમાં આજે બ્લેક ડેની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કોંગ્રેસની યાદીમાં જણાવાયા મુજબ કોંગ્રેસી કાર્યકરો કાળી રીબીન ધારણ કરશે. આ ઉપરાંત સે. ૬ ખાતેની સત્યાગ્રહ છાવણી ખાતે સવારે ૧૦ થી ૧૧ દરમ્યાન સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કરશે.

નોટબંધીને પગલે લોકોને થયેલ હેરાનગતિ તેમજ નિર્દોષ લોકોએ તેમના પ્રાણ ગુમાવ્યા હોવાથી આ દિવસની 'કાળા દિવસ' તરીકે ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

એસ.ઓ.જી.ની ટીમે ચોરીના બાઈક સાથે એકને પકડયો

ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની એક ટીમ વાહનચોરો પકડવા સક્રીય છે ત્યારે તેમની ટીમને બાતમી મળી હતી કે બે દિવસ પહેલા સાંતેજ નજીક હાજીપુર ગામેથી ચોરાયેલા બાઈક સાથે એક શખ્સ મોટી ભોંયણ ત્રણ રસ્તા પાસે આવનાર છે. બાતમી આધારે વોચ ગોઠવીને કલોલના ધનાજીના વાસ ખાતે રહેતા વાલાજી ઉર્ફે લાલો અમરત ઠાકોરને ચોરીના બાઈક સાથે પકડી પાડી ઉંડી પુછપરછ શરુ કરી છે. બાઈકના દસ્તાવેજો તેમની પાસેથી મળી ન આવતા શંકા મજબુત થતા તેની શંકાના આધારે અટકાયત કરી બાઈક રીકવર કરી સાંતેજ પોલીસને સોંપવા તજવીજ કરવામાં આવી છે.

વિધાનસભાની ૬૦ બેઠક પર એનસીપી ચૂંટણી લડે તેવી શકયતા

ગાંધીનગર, તા.૭

રાજયમાં વિધાનસભાની ચુંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. પરંતુ રાજકીય પક્ષો દ્વારા પોતાના ઉમેદવાર જાહેર કરાયા નથી. કયા રાજકીય પક્ષ દ્વારા પહેલા ઉમેદવાર જાહેર કરાય પછી અન્ય પાર્ટી જાહેર કરે તેની રાહ જોઈને બેઠા છે. વિવિધ બેઠકો માટે કાર્યકરો કામે લાગી ગયા છે. ત્યારે તાજેતરમાં નેશનલ કોંગ્રેસ પાર્ટીની પ્રદેશ હોદેદારોની બેઠક યોજાઈ હતી. જેમાં એનસીપી સમગ્ર ગુજરાતમાંથી લગભગ ૬૦ બેઠકો પર પોતાના ઉમેદવાર ઉભા રાખે તેવી શક્યતા છે.

તાજેતરમાં મળેલ બેઠકમાં એનસીપીના પ્રદેશ અધ્યક્ષ જયંત પટેલ (બોરસ્કી) કંઈ બેઠક પર કયા સમાજના ઉમેદવાર ઉભા રાખવામાં આવશે તે અંગે કંઈ પણ કહેવા તૈયાર નથી. એનસીપી પોતાના રાજકીય પત્તા સમય આવે ખોલશે. જયારે ગાંધીનગર જિલ્લા એનસીપી પ્રમુખ હિંમાશુ ભચેચના જણાવ્યા મુજબ ૬૦ બેઠકમાં ગાંધીનગર શહેરની ઉત્તર અને દક્ષિણ વિધાનસભાનો સમાવેશ કરવામાં આવશે તો ઠાકોર અને રાજપૂત સમાજના નાગરીકોને પ્રતિનિધિત્વ આપવામાં આવશે. હાલના સમયે શહેરમાં ઠંડીના જોર વચ્ચે પણ રાજકીય ગરમાવો બરાબરનો જામ્યો છે. જયારે મહેસાણા બેઠક પર ડે.સીએમ સામે એનસીપીનો ઉમેદવાર ચુંટણી લડે તેવું પણ લાગી રહ્યું છે.

અત્યારના સમયે તો કયો પક્ષ પોતાના ઉમેદવાર જાહેર કરે તેના પછી બીજો પક્ષ પોતાના ઉમેદવાર જાહેર કરે તેની મીટ માંડીને બેઠા છે. ત્યારે આગામી દિવસોમાં રાજકીય પક્ષો પોતાના પત્તા ખોલશે. જયારે રાજયમાં ભાજપ-કોંગ્રેસમાંથી ટીકીટ ન મેળવી શકનાર કેટલાક ઉમેદવારો એનસીપી કે અન્ય પક્ષમાંથી ટીકીટ મેળવી ચુંટણી લડવા થનગની રહ્યા છે. ત્યારે આગામી સમયમાં ઉમેદવારો વચ્ચે ચુંટણીનું ધમસાણ શરુ થઈ જશે.

બસપાની બેઠક : ચૂંટણીની જાહેરાતના પગલે ગાંધીનગર બહુજન સમાજ પાર્ટીના કાર્યકરોની બેઠક યોજાઈ હતી. ચૂંટણીના કાર્યક્રમ અંગે વિગતવાર ચર્ચા કરાઈ હતી. સાથોસાથ ગાંધીનગર જિલ્લાની પાંચે બેઠકો પર ચૂંટણી લડવા માટેની તૈયારી વ્યક્ત કરાઈ હતી. આગામી દિવસોમાં બહુજન સમાજ પાર્ટીના સુપ્રિમો સુશ્રી માયાવતી જ્યારે ગુજરાતના પ્રવાસે આવે ત્યારે ગાંધીનગર જિલ્લામાં પ્રવાસ માટેની વિનંતી કરાશે.

સમસ્ત શ્રી ગૌડ સમાજ દ્વારા રોહિત જોશીને ગૌરવ પુરસ્કાર એનાયત

સમસ્ત શ્રી ગૌડ સમાજ, ગુજરાત દ્વારા રોહિત બી. જોશીને સાહિત્ય, કલા તથા શિક્ષણ ક્ષેત્રે ઉત્તમોત્તમ કામગીરી કરવા બદલ

તાજેતરમાં ડૉ. બંસીધર ઉપાધ્યાયના વરદ હસ્તે ગૌરવ પુરસ્કાર, શાલ ઓઢાડી પ્રશસ્તિપત્ર તથા મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમુત્કર્ષ ડાન્સ એન્ડ યોગા ભવન, પ્રહલાદનગર -આનંદનગર પાસે અમદાવાદ ખાતે આ પુરસ્કાર વિતરણ અને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો.

ગાંધીનગરમાં પદ્માવતીના વિરોધમાં ૧૨મીએ સ્વાભિમાન રેલી યોજાશે

ગાંધીનગર,તા.૭

પદ્માવતી ફિલ્મનો લઈ રાજપૂત સમાજનો ખાસ કરીને શ્રી રાજપૂત કરણી સેનાનો વિરોધ દિવસે ને દિવસે ઉગ્ર બનતો જાય છે અને આગામી દિવસોમાં આંદોલનનું સ્વરૂપ ધારણ કરે તેમ છે. પદ્માવતીના ફિલ્મના વિરોધ અને ગુજરાત સહિત દેશભરમાં તેની રિલીઝ અટકાવવાની માંગણી સાથે શ્રી રાજપૂત કરણી સેના દ્વારા ૧૨મી નવેમ્બરે ગાંધીનગરના સેકટર-૧૧ ખાતેના રામલીલા મેદાનમાં રાજપૂત સ્વાભિમાન સંમેલન બોલાવવામાં આવ્યું છે, જયાંથી પદ્માવતી ફિલ્મ સામેના દેશવ્યાપી વિરોધનું રણશિંગુ ફંકાશે એમ અત્રે શ્રી રાજપૂત કરણી સેનાના સંસ્થાપક લોકેન્દ્રસિંહ કાલવીએ જણાવ્યું હતું.

તેમણે ૧૨મી નવેમ્બરે મુંબઈમાં બેઠેલા કહેવાતા ફિલ્મકારો (સંજય લીલા ભણશાલી)ના બાર વગાડી દેવાની ચીમકી ઉચ્ચારી હતી. પદ્માવતી ફિલ્મને કોઈપણ સંજોગોમાં રિલીઝ નહી થવા દઈએ તેવું આકરું વલણ જાહેર કરતાં રાજપૂત કરણી સેનાના સંસ્થાપક લોકેન્દ્રસિંહ કાલવી, અન્ય અગ્રણી મહિપાલસિંહ મકરાણા કમલેન્દ્રસિંહ અને જીતેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, સંજય લીલા ભણશાલીએ રાજપૂત સમાજની અને રાજપૂત સમાજના લોકોની ધાર્મિક લાગણી દુભાય એ પ્રકારે પદ્માવતી ફિલ્મમાં રાણી પદ્માવતીના પાત્ર સાથે છેડછાડ કરાઈ છે. રાજપૂતોના ઈતિહાસને કોઈપણ ફિલ્મકાર મનોરંજનના નામ પર વિકૃત રીતે રજૂ ના કરી શકે. દેશના ઈતિહાસ પર બનતી કોઈપણ ફિલ્મ માટે સરકારે પ્રિસેન્સરશીપ લાગુ કરવી જોઈએ.

મતદાન જાગૃતિ માટે સંકલ્પ પત્ર ભરાવાશે

ગાંધીનગર, તા.૭

આગામી માસમાં રાજય વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે મતદાનની પ્રક્રીયા હાથ ધરવામા આવનાર છે એ અગાઉ અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના બાળકો પાસે મતદારોને જાગૃત કરવા માટે મતદાન કરવા અંગેના સંકલ્પપત્ર વાલીઓના ભરાવવાથી લઈને સ્કાઉટબેન્ડ દ્વારા રેલી કાઢીને પણ મતદારોને જાગૃત કરવામા આવશે.આ અંગે મળતી માહિતી અનુસાર,અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમા આવેલી મ્યુનિસિપલ સ્કૂલબોર્ડ સંચાલિત શાળાઓમાં આજે ધોરણ-૧થી પના બાળકો માટે ચાલો મતદાન કરીએ,મતાધિકાર-મજબૂત લોકશાહીનો પાયો અને મતદાન મથકની મુલાકાત એમ કુલ ત્રણ વિષયો ઉપર રંગોળી સ્પર્ધા અને ચિત્ર હરિફાઈનું આયોજન કરવામા આવ્યું હતુ.આ સાથે જ સ્કાઉટ બેન્ડ રેલીનું શહેરમાં ઝોન મુજબ આયોજન કરવામા આવ્યું છે.આ રેલી ૧૦મીના રોજ ઉત્તરઝોનમાં સરસપુર ખાતે, ૧૧મીના રોજ કાંકરીયા ખાતે દક્ષિણઝોનમાં, પૂર્વ ઝોનમાં ૧૩મીના રોજ અંબિકાનગર ખાતે, ૧૫મીના રોજ પશ્ચિમઝોનમાં વાડજ ખાતે, ૧૬મીએ મધ્યઝોનમા અસારવા ખાતે, ૧૭મીના રોજ બાપુનગર ખાતે,અને ૧૮મીના રોજ વટવા ખાતે રેલીનુંઆયોજન કરવામા આવ્યુ છે.આ ઉપરાંત સ્કૂલબોર્ડની વિવિધ શાળાઓના બાળકો તેમના વાલીઓને મતદાન કરવા માટે સંકલ્પપત્ર ભરાવશે.

અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચ દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૭

અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચ તરફથી પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે સવંત ૨૦૭૪ નવા વર્ષના પ્રારંભ નિમિત્તે તારીખ ૧૨ નવેમ્બર, ૨૦૧૭ને રવિવારના રોજ લોકોનું સંગઠન વધે તથા એકબીજાના પરિચયમાં આવે તે હેતુથી "સ્નેહ મિલન" કાર્યક્રમનું આયોજન વાસણા (મ્યુ.) પાર્ટી પ્લોટ, જી.બી. શાહ કોલેજની બાજુના ખાંચામાં, ટોરેન્ટ પાવર સ્ટેશનની આગળ, રીવર ફ્રન્ટ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ ખાતે બપોરના ૩-૦૦ વાગે રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૧૬ની વાર્ષિક પરીક્ષામાં ધોરણ ૧ થી ૧૨ ના, સ્નાતક તેમજ અનુસ્નાતકના તથા જુનીયર કે.જી./સીનીયર કે.જી. (અમદાવાદ ઘટકના) અને ધોરણ ૧૦ તથા ૧૨ (વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ)ના (રાજ્યકક્ષાના) મેરીટ પ્રમાણે પ્રથમ ૧ થી ૩ ક્રમાંકે આવનાર વિવિધ જિલ્લાના બારશાખ જ્ઞાતિના તેજસ્વી વિધાર્થીઓને/તારલાઓને ઈનામ વિતરણ કરવામાં આવશે તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત પરિવાર પરિચય પુસ્તિકા અને સમાજની વેબસાઈટ www.ambaraj.comનું વિમોચન કરવામાં આવશે.

વર્તમાન સમયમાં વિવિધ સમાજમાં સમાજ સંગઠીત થઈ પોતાના સમાજની વિવિધ બાબતો અર્થે સંમેલન મળી રહ્યું છે, તેમાં યુવા સંગઠન, સમાજના વિવિધ આગેવાનો દ્વારા સંગઠીત થઈ આવનાર દિવસોમાં સમાજની સંગઠીત શકિત નિર્ણાયક સાબિત થશે તેમ સમાજના પ્રમુખે જણાવ્યું છે.

જન વિકલ્પ દ્વારા ઉમેદવારની ઓનલાઈન પસંદગી શરૂ કરી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ શંકરસિંહ વાઘેલાના નેજા હેઠળ જન વિકલ્પ મોરચા દ્વારા ભારતમાં સૌપ્રથમવાર ઉમેદવારોની ઓનલાઈન પસંદગી કરવાની જાહેરાત કરવામાં આવી છે. જન વિકલ્પ મોરચાએ વિધાનસભા ચૂંટણીને લઈ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી સોશ્યલ મીડિયા મારફતે સીધો લોકસંવાદ ઉભો કર્યો છે અને ગુજરાતના લોકોની સાચા અર્થમાં સેવા કરવા ઈચ્છતા ઉમેદવારોને ઓનલાઈન મારફતે જન વિકલ્પ મોરચાના ઉમેદવાર બનવાની તક પૂરી પાડવામાં આવી છે. આ માટે જન વિકલ્પ મોરચા દ્વારા તેની વેબસાઈટ પર ઉમેદવાર બનવા માટેનું અરજી ફોર્મ મૂકવામાં આવ્યું છે. આ મોરચો ઓલ ઈન્ડિયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના ટ્રેકટર ચલાવતા કિસાનના ચિહ્ન પર વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણી લડી રહ્યો છે એમ જન વિકલ્પ મોરચના પ્રવકતા પાર્થેશ પટેલે આજે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતભરમાંથી કોઈપણ નાગરિક જન વિકલ્પ મોરચાના ઉમેદવાર બનવા માટે આ ઓનલાઈન ફોર્મ ભરી શકે છે, જેમાં તેણે પોતાની પર્સનલ ડિટેઈલ્સ ભરીને ઓનલાઈન મૂકવાની હોય છે. આ ફોર્મમાં જિલ્લો અને મતવિસ્તાર સીલેકટ કરવાની સુવિધા પણ અપાઈ છે. મતદાર યાદી અને વોટર આઈડી નંબર પછી ફોર્મમાં આઈડી ફોટો અપલોડ કરવાનું બટન આપવામાં આવ્યું છે. ફોર્મમાં આધારકાર્ડ નંબર પણ આપવાનો રહે છે. જન વિકલ્પ મોરચો આટલા ઓછા સમયમાં પણ ગુજરાતના લોકોમાં બહુ લોકપ્રિય વિકલ્પ બનતો જાય છે.

આરોગ્ય કેન્દ્રોમાં 'લેટ લતીફો' પકડાયા

તંત્રએ નોટીસ ફટકારી ખુલાસો માંગ્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીએ પ્રાંતિયા અને ડભોડા પ્રા.આ. કેન્દ્રોની ઓચીંતી મુલાકાત લીધી હતી અને જેમાં કર્મચારીઓની ગેરહાજરી જોઈ ચોંકી ઉઠ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ૧૦ થી ૧૫ કર્મચારીઓ સમયસર હાજર નહિ જણાતાં આ કર્મચારીઓને નોટીસ આપી ખુલાસા માંગવામાં આવ્યા છે. જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારીની તપાસમાં જ લેટ લતીફો પકડાઈ જતાં અને નોટીસ આપવાના પગલે આરોગ્યતંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

આ બન્ને કેન્દ્રોમાં ડૉ. સોલંકીને ત્રણ થી ચાર જ કર્મચારીઓ હાજર હોવાનું જણાતાં તેઓએ કોઈપણ પ્રકારની ગેરશિસ્ત ચલાવી લેવાશે નહિ તેવી ચીમકી પણ આપી હતી.

અરજદારના વકીલશ્રી (રેખા જી.તપોધન)

જાહેર નોટીસ

મે. ગાંધીનગરના જ્યુ. મેજી. ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં

ક્રિ.પ.અ.નં. ૫૮૭/૨૦૧૭

અરજદાર : ઉમેદભાઈ ચંદુભાઈ રાવલજી
ઉ.વ. પુખ્ત, ધંધો-વેપાર, ધર્મે-હિન્દુ,
રહે. બ્લોક નં.૧૨૨/૩, 'ચ' ટાઈપ, સેક્ટર-૨૧, ગાંધીનગર
મુળ રહે. ૧૬૭૬, સમરથ સોસાયટી, વાણીયાવાડ,
કોલેજ રોડ, નડીયાદ, જી.ખેડા.

વિરુદ્ધ

સામાવાળા : (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
ગાંધીનગર મહાનગરપાલિકા, સેક્ટર-૧૧, ગાંધીનગર
(૨) શ્રીમતી આર.જી. પટેલ કન્યા સેકન્ડરી સ્કૂલ એન્ડ
શ્રીમતી એસ. બી. પટેલ કન્યા હાયર સેકન્ડરી સ્કૂલ
કડી કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર

બાબત : જન્મ/મરણની નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩)મુજબાની જન્મની નોંધણી કરવા બાબત.

આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, અરજદારની પુત્રી નામે વિત્તલબેન ઉમેદભાઈ રાવલજીનો જન્મ તા. ૧/૫/૧૯૭૩ના રોજ પ્લોટ નં. ૭૬૪/૨, સેક્ટર-૩૦, જાગૃતિપાર્ક સોસાયટી, ગાંધીનગર ખાતે થયેલ છે. પરંતુ જે તે સમયે શરતચુકના હિસાબે તેઓની જન્મ તારીખની નોંધ થયેલ ન હોઈ જન્મ મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરવા માટેનો હુકમ મેળવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પર.અરજી નં. ૫૮૭/૨૦૧૭ થી દાખલ કરેલ છે. તો તે અંગે કોઈપણ ઈસમ અગર સંસ્થાને વાંધો કે તકરાર હોય તો તેઓએ જાતે અગર તેમના માહિતગાર વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં મુદત તા. ૮/૧૨/૨૦૧૭ના રોજ કલાક ૧૧-૦૦ વાગે હાજર રહેવું અને લેખિત વાંધા તકરાર રજૂ કરવા. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઈને કોઈપણ પ્રકારે વાંધો કે તકરાર નથી તેમ જાણી અત્રેની અદાલત આગળની ઈન્સાફી કાર્યવાહી કરી જે તે ન્યાયીક હુકમ કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.

આજ તા. ૭/૧૧/૨૦૧૭ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર
સહી/-
(એસ.જી. રામાણી)
આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર
સહી/-
(જે.ડી. ચૌધરી)
આસીસ્ટન્ટ

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી/-
(પ્રીતિ શાહ)
ડે. રજીસ્ટ્રારશ્રી
ચીફ જ્યુડી મેજી. કોર્ટ
અમદાવાદ